# સિદ્ધયોગ પથની વેબસાઇટ પર જુલાઈ મહિનાનો પરિચય

### ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

સિદ્ધયોગ પથ પર, જુલાઈ મહિનો ખાસ કરીને ગુરુપૂર્ણિમાના મહોત્સવ સાથે જોડાયેલો છે. હું "ખાસ કરીને" એટલા માટે કહું છું કારણ કે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ચાંદ્રતિથિ અનુસાર મનાવવામાં આવે છે, જે ભારતીય પંચાંગ અનુસાર અષાઢ મહિનાની પૂર્ણિમા પર આવે છે, અને પશ્ચિમી કેલેન્ડર અનુસાર મોટેભાગે આ દિવસ જુલાઈ મહિનામાં આવે છે. આ વર્ષે ૨૦૨૬માં, ગુરુપૂર્ણિમા ૨૯ જુલાઈએ છે.

તમે સિદ્ધયોગ પથની વેબસાઇટ પર ગુરુપૂર્ણિમાની વાર્તા વાંચી શકો છો કે ભારતીય સંસ્કૃતિમાં ઊંડાં મૂળ ધરાવતા આ ઉત્સવની શરૂઆત કેવી રીતે થઈ. અહીં હું તેનો સારાંશ આપીશ. ગુરુપૂર્ણિમા એક એવો ઉત્સવ છે જેની શરૂઆત હજારો વર્ષ પહેલાં મહર્ષિ વેદવ્યાસના શિષ્યોએ કરી હતી. આ શિષ્યોએ પોતાના શ્રીગુરુ સમક્ષ તેમનું સન્માન કરવાની અને અપાર કૃતજ્ઞતા વ્યક્ત કરવાની ઇચ્છા દર્શાવી. પોતાના શિષ્યો પ્રત્યે કરુણાવશ, મહર્ષિએ તેમને કહ્યું કે તેઓ વર્ષનો એક દિવસ પસંદ કરીને તેને વિશેષરૂપે શ્રીગુરુપૂજા માટે સમર્પિત કરી શકે છે. શિષ્યોએ તરત જ અષાઢ મહિનાની પૂર્ણિમાનો દિવસ પસંદ કર્યો અને ત્યારથી આ અવસર 'ગુરુપૂર્ણિમા' તરીકે ઓળખાવા લાગ્યો.

સિદ્ધયોગીઓ અને નવા સાધકો માટે, ગુરુપૂર્ણિમાનો દિવસ, તેમજ તેની આસપાસનો આખો મહિનો સિદ્ધયોગ પરંપરાનાં ગુરુઓ : ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, બાબા મુક્તાનંદ અને ભગવાન નિત્યાનંદનું સન્માન કરવાનો, તેમની પૂજા-અર્ચના કરવાનો સમય છે. આપણે શ્રીગુરુનું સન્માન, તેમની પૂજા-અર્ચના *કેવી રીતે* કરી શકીએ, તેને વધારે સારી રીતે સમજવા માટે આપણે હંમેશની જેમ સિદ્ધયોગ પથની વેબસાઇટને જોઈ શકીએ છીએ.

શરૂઆત કરવા માટે એક સારી રીત છે, ગુરુપૂર્ણિમા દક્ષિણા અર્પિત કરવા માટે આમંત્રણ-પત્ર વાંચવો જેને લીલાવતી સ્ટુઅર્ટ સટ્‌ક્લિફે લખ્યો છે (જોકે, સાચું કહું તો સિદ્ધયોગ પથની વેબસાઇટના હોમપેજ પર તમે *કોઈપણ જગ્યાએ* ક્લિક કરશો તો તે "શરૂઆત કરવાની સારી રીત" જ હશે). સિદ્ધયોગ મહોત્સવોને મનાવવા માટે આપણી પાસે અનેક વિકલ્પો છે, જેમાંથી આપણે કોઈ વિશિષ્ટ અભ્યાસ પસંદ કરી શકીએ છીએ અને મને લાગે છે કે આ જ વાત તેને ખૂબ આનંદમય અને રોચક બનાવે છે. પરંતુ કેટલીકવાર એક એવો અભ્યાસ હોય છે જેના પર આપણે કોઈ વિશિષ્ટ ઉત્સવ દરમ્યાન વિશેષ કેન્દ્રણ કરીએ છીએ. ગુરુપૂર્ણિમા માટે આપણે દક્ષિણાના અભ્યાસ પર કેન્દ્રણ કરીએ છીએ. (જો તમે દક્ષિણા વિશે વધારે જાણવા માંગતા હો, અથવા આ અભ્યાસ વિશે તમારી સમજને પુનર્નવીન કરવા માંગતા હો તો તમને વેબસાઇટ પર આના માટે જરૂરી સામગ્રી મળી જશે જે

તમને એમાં સહાય કરશે — ઉદાહરણ તરીકે, સિદ્ધયોગ વિદ્વાન દ્વારા લિખિત એક વ્યાખ્યા તેમજ દક્ષિણા વિશે સિદ્ધયોગ સ્વામીજી સાથે એક પ્રશ્નોત્તરી.)

ત્યાંથી, આપણે આપણું કેન્દ્રણ 'શ્રીગુરુ-ઉપાસના' પર લાવી શકીએ છીએ. હવે હું બસ એટલું જ કહેવા માગીશ કે વેબસાઇટ પર શબ્દોના આ નવા સંકલન વિશે તમને કહેવા માટે હું *આતુરતાથી* રાહ જોઈ રહી હતી. હું બહુ ખુશ છું કે એ ક્ષણ આવી જ ગઈ!

તો વાત કંઈક આવી છે. ગુરુપૂર્ણિમા મહિનાની પ્રતીક્ષામાં, થોડાંક અઠવાડિયાં પહેલાં હું મારા કેટલાક સાથી સેવાકર્તાઓને મળી. અમને બધાંને શબ્દો બહુ ગમે છે અને મારા સાથી-સેવાકર્તાઓ સંસ્કૃત જેવી ભારતીય ભાષાઓના વિદ્વાન છે. શ્રીગુરુમાઈને ભેટ સ્વરૂપે અર્પિત કરવા, અમે શ્રીગુરુથી સંબંધિત સંસ્કૃત શબ્દો અને તેના અંગ્રેજી અનુવાદ સાથે એક સંકલન તૈયાર કરવાનું નક્કી કર્યું. આમાંથી કેટલાક શબ્દો ભારતનાં શાસ્ત્રોમાં જોવા મળે છે. કેટલાક શબ્દો શ્રીગુરુના સ્વરૂપનું અથવા શ્રીગુરુથી સંબંધિત વિશેષ પાસાંઓનું વર્ણન કરે છે. કેટલાક શબ્દો એ દર્શાવે છે કે શ્રીગુરુ શિષ્યને શું પ્રદાન કરે છે. અને કેટલાક શબ્દો એ સમજાવે છે કે શ્રીગુરુ પ્રત્યે શિષ્યનો ભાવ કેવો હોવો જોઈએ, શિષ્યે કયાં કાર્યો કરવા જોઈએ, કયા અભ્યાસોમાં ભાગ લેવો જોઈએ.

મેં વારંવાર જોયું છે કે જ્યારે પણ કોઈ વ્યક્તિ ગુરુમાઈજીને ભેટ આપે છે તો તેઓ વિચારે છે કે એ ભેટને સિદ્ધયોગ સંઘમ્ સાથે કેવી રીતે વહેંચી શકાય. કદાચ તમને યાદ હશે કે મેં તમને પહેલાં પણ આના વિશે લખ્યું હતું કે આવી જ રીતે લગભગ દસ વર્ષ પહેલાં મેં સિદ્ધયોગ પથની વેબસાઇટ માટે લખવાનું શરૂ કર્યું હતું. હું ગુરુમાઈજીને સાધનામાં મારા અનુભવો અને મારી અંતર્દષ્ટિઓ વિશે પત્ર લખતી રહેતી. મારા પત્રો વાંચીને ગુરુમાઈજીએ મને કહ્યું કે હું મારાં મનનચિંતન તમને બધાંને જણાવું! (આના વિશે વધુ જાણવા માટે તમે આ લિંક પર ક્લિક કરી શકો છો : https://www.siddhayoga.org/2025/november/nature-of-gratitude/exposition/)

તો ગુરુપૂર્ણિમાના વિષય પર પાછા આવીએ — જ્યારે ગુરુમાઈજીને સંસ્કૃત શબ્દોની એ ભેટ મળી જે મેં અને મારા સાથી-સેવાકર્તાઓ તૈયાર કરી હતી ત્યારે અમે જે કાર્ય કર્યું હતું તેની તેમણે ખૂબ જ પ્રેમથી પ્રશંસા કરી તેમજ એ વાત પર પણ ધ્યાન આપ્યું કે અમે પસંદ કરેલો દરેક શબ્દ શ્રીગુરુને, શિષ્યને અને ગુરુ-શિષ્ય સંબંધને કેટલી ગૂઢ અને સાર્થક રીતે દર્શાવી રહ્યો છે. પછી ગુરુમાઈજીએ કહ્યું કે જો બધા સિદ્ધયોગીઓ અને નવા સાધકો આ શબ્દો વિશે શીખી શકે તો એ બહુ લાભદાયક રહેશે. તેથી જુલાઈના આખા મહિના દરમ્યાન દરરોજ, આમાંથી એક શબ્દને સિદ્ધયોગ પથની વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવશે.

તમે થોડા સમયમાં જ એ જાણી લેશો કે આ બધા શબ્દો 'ગુરુ' શબ્દથી (અથવા વધારે સ્પષ્ટતાથી કહું તો જ્યારે આપણે તેની આગળ આદરસૂચક શબ્દ 'શ્રી' જોડી દઈએ તો 'શ્રીગુરુ'થી) શરૂ થાય છે. આ સંયુક્ત શબ્દો છે અર્થાત્ તે સ્વતંત્ર શબ્દોના સંયોજનથી બન્યા છે અને દરેક સંયુક્ત શબ્દનો પહેલો ભાગ ગુરુનો ઉલ્લેખ કરે છે. જ્યારે હું અને મારા સાથી-સેવાકર્તાઓ આ સંકલન પર કાર્ય કરી રહ્યાં હતાં ત્યારે મને એક પ્રસિદ્ધ ઉપમા યાદ આવી ગઈ જે ગુરુમાઈજી અને બાબા મુક્તાનંદે સત્સંગમાં આપી છે. ગુરુમાઈજી અને બાબાજી સમજાવતાં હતાં કે

એક વ્યક્તિના જીવનમાં જે કંઈ પણ છે તે "શૂન્ય" સમાન છે. બની શકે કે એ વ્યક્તિ પાસે ઘણી બધી વસ્તુઓ હોય, પરંતુ તેનો અર્થ ફક્ત એ થાય છે કે તેણે ઘણાં બધાં શૂન્યો ભેગાં કર્યાં છે! તેમ છતાં, જ્યારે તે શ્રીગુરુને મળે છે અને તેમની અંદર આત્મજ્ઞાન જગાવવામાં આવે છે ત્યારે એ બધાં શૂન્યોની આગળ '૧' લગાવવા જેવું છે. એ શૂન્યો વાસ્તવમાં અર્થપૂર્ણ બની જાય છે અને તેનું મૂલ્ય વધી જાય છે.

તો અત્યાર સુધી, મેં તમને એક ઝલક માત્ર આપી છે, ફક્ત થોડા મુખ્ય અંશો વિશે જણાવ્યું છે કે ગુરુપૂર્ણિમાના આ મહિનામાં તમને સિદ્ધયોગ પથની વેબસાઇટ પર શું-શું જોવા મળશે. સાચું કહું તો, તમારા અધ્યયન માટે સામગ્રીનો જે વિશાળ ભંડાર — શિખામણો, લેખો, વાર્તાઓ, સ્તોત્રો, ફોટાઓ અને ઘણું બધું — ઉપલબ્ધ છે તેની મેં બસ ઉપરછલ્લી વાત જ કરી છે. હું તમને પ્રોત્સાહિત કરું છું કે તમે આખા જુલાઈ મહિનામાં સ્વયં આ બધાંનું અન્વેષણ કરવા માટે એ વેબપેજ પર જઈને જુઓ, જેને ખાસ કરીને ગુરુપૂર્ણિમાના ઉત્સવ માટે તૈયાર કરવામાં આવ્યાં છે.

આવું કરવાના અનેકાનેક લાભો છે. એ લાભોને ગણાવવા માટે હું એક અલગ લેખ પણ લખી શકું છું! તોપણ, ફરી એકવાર હું કેટલીક મુખ્ય વાતો પર જ કેન્દ્રિત કરીશ. મારું માનવું છે સિદ્ધયોગ પથની વેબસાઇટ પર આપેલી શિખામણો સાથે સક્રિયતાથી સંલગ્ન થવું એ એક એવું સાધન છે જેના દ્વારા આપણે યુગો-યુગોથી ચાલી આવતી ગુરુ-શિષ્ય પરંપરાનો એક ભાગ બની જઈએ છીએ. આ પરંપરામાં ગુરુ પોતાના શિષ્યને જ્ઞાન પ્રદાન કરે છે અને શિષ્ય એ જ્ઞાનને ગ્રહણ કરીને તેનો અમલ કરે છે — આ જ એ પરંપરાનો આધાર છે જે તેને જીવંત રાખે છે. પ્રત્યેક દિવસ, ગુરુમાઈજી વેબસાઇટના માધ્યમથી તેમની શિખામણો પ્રદાન કરી રહ્યાં છે. અને પ્રત્યેક દિવસ, આપણે આ શિખામણોનું અધ્યયન કરવાની, તેનો અભ્યાસ કરવાની, તેને આત્મસાત્ કરવાની અને આપણા જીવનમાં તેનું પરિપાલન કરવાનો વિકલ્પ પસંદ કરી શકીએ છીએ. જ્યારે આપણે આવું કરીએ છીએ ત્યારે આપણે આપણો શિષ્યધર્મ નિભાવીએ છીએ, આપણાં શ્રીગુરુના વિદ્યાર્થી હોવાનું ઉત્તરદાયિત્વ નિભાવીએ છીએ. આપણે એ સુનિશ્ચિત કરીએ છીએ કે શ્રીગુરુનું પ્રજ્ઞાન, શ્રીગુરુનો પ્રકાશ આ સંસારમાં સર્વત્ર ફેલાય.

મેં એ પણ જોયું છે કે વેબસાઇટ પરની શિખામણોના મારા પોતાના અધ્યયનથી તેમજ તેના ફળસ્વરૂપે ગુરુ-શિષ્ય સંબંધ વિશે મારી સમજ અને અનુભવ વધુ ગહન થવાથી, મને બીજા એક અભ્યાસમાં પણ મદદ મળે છે જે સિદ્ધયોગ પથનો મૂળભૂત અભ્યાસ છે. દર્શન.

શ્રીગુરુનાં દર્શન કરવાં એ એક એવો અભ્યાસ છે જેને હું દરરોજ કરું છું. હું કૃતજ્ઞ છું કે મારા જીવનમાં આ સમયે, મારી પાસે એ સુઅવસર છે કે મારાં શ્રીગુરુ જ્યાં નિવાસ કરે છે ત્યાં રહીને હું સેવા અર્પિત કરી રહી છું. ગુરુમાઈજીનાં પ્રત્યક્ષ દર્શન કરવાં મારા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે — અને હું એ માર્ગદર્શનને પણ ધ્યાનમાં રાખું છું જે ગુરુમાઈજીએ આપ્યું છે કે આપણે અસંખ્ય રીતે શ્રીગુરુનાં દર્શન કરી શકીએ છીએ.

દર્શનનો અનુભવ અંતરમાં થાય છે. હું જાણું છું કે ઘણા બધા સિદ્ધયોગીઓ અને નવા સાધકો જ્યારે શ્રીગુરુની દૃષ્ટિનું સ્મરણ કરે છે ત્યારે તેમને દર્શનનો અનુભવ થાય છે — જ્યારે તેઓ એ ક્ષણની કલ્પના કરે છે કે શ્રીગુરુની દૃષ્ટિ તેમના પર હોય તો તેમને અંતરમાં શું મહસૂસ થાય છે ત્યારે તેમને દર્શનનો અનુભવ થાય છે. જ્યારે તેઓ

શ્રીગુરુના એ મૌનમાં લીન થઈ જાય છે જે તેમના પોતાના આત્માના મૌન જેવું જ છે, અથવા જ્યારે તેઓ શ્રીગુરુના પ્રજ્ઞાનનું આવાહન કરે છે ત્યારે તેમને દર્શનનો અનુભવ થાય છે. જ્યારે તેઓ કલ્પના કરે છે કે શ્રીગુરુ તેમની સમક્ષ ઉપસ્થિત છે અને જ્યારે તેઓ પોતાના હૃદયમાં શ્રીગુરુની ઉપસ્થિતિ સાથે જોડાય છે, જે સૂક્ષ્મ હોવા છતાં સ્પષ્ટરૂપે મહસૂસ થાય છે ત્યારે તેમને દર્શનનો અનુભવ થાય છે. ગુરુમાઈજીએ કહ્યું છે, "દર્શન કરવાનો અભ્યાસ સ્વયં એક શાસ્ત્ર છે."

હું શ્રીગુરુગીતાના એક શ્લોકને યાદ કરીને સમાપન કરવા માગીશ અથવા કદાચ *આરંભ* કરવા માગીશ કારણ કે આપણે આખા મહિના સુધી ચાલતા ગુરુપૂર્ણિમા મહોત્સવનો શુભારંભ જ તો કરી રહ્યાં છીએ. મેં આ શ્લોક એટલા માટે પસંદ કર્યો છે કારણ કે હું અહીં જે કહી રહી છું તેના માટે આ શ્લોક એકદમ યોગ્ય લાગે છે.

આ શ્લોકમાં, આદિગુરુ, ભગવાન શિવ દેવી પાર્વતીને કહે છે :

*મંત્રરાજમિદં દેવિ ગુરુરિત્યક્ષરદ્વયમ્ ।*
*સ્મૃતિવેદાર્થવાક્યેન ગુરુઃ સાક્ષાત્પરં પદમ્ ॥*

હે દેવી! 'ગુ' અને 'રુ' થી બનતા બે અક્ષરોવાળો
'ગુરુ' શબ્દ મહામંત્ર છે.
વેદ અને સ્મૃતિનાં વચનો પ્રમાણે
ગુરુ સાક્ષાત્ પરમ પદ એટલે કે પરમ તત્ત્વ છે.[૧]

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

---

[૧] શ્રીગુરુગીતા, શ્લોક ૧૦૭; સ્વાધ્યાય સુધા (ચિત્શક્તિ પબ્લિકેશન્સ, ૨૦૧૬) પૃષ્ઠ ૫૭. અંગ્રેજી ભાષાંતર © ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®.